C.C.NO.843.2025

**આંકઃ-૦૧ લગત હુકમ**

આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી તથા એમ.વી.એકટની ક.૧૮૫, ૩, ૧૮૧ વિગેરે મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

હાલના કેસના સંજોગો જોતા, આરોપી દારૂ પીધેલી હાલતમાં લાયસન્સ વગર વાહન હંકારતા પકડાઇ જતા, તેમની સામે સબબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આરોપી કેસ કબુલ કરવા માંગતા હોય. આરોપી દ્વારા જણાવવામાં આવેલ છે કે તેઓ આ ગુન્હો રાજી ખુશીથી અને સ્વૈચ્છિક રીતે કબુલ કરવા માંગે છે અને અમો મજુર તેમજ ગરીબ વર્ગના માણસ છીએ. તેમજ અમારા કુટુંબની ભરણ પોષણની જવાબદારી અમારા પર હોઇ અમો માંડ માંડ કરીને અમારા કુટુંબનુ ભરણ પોષણ કરીએ છીએ. અમો કાયદા થી અજ્ઞાત અને અભણ છીએ અને હાલ અમારા કપરા સંજોગો ચાલતા હોય અમારી સામેનો આ ગુન્હો માં કસુર બદલ અમો માફી ચાહીએ છીએ, ફરી વખત આવું ન બને તેની અમો તકેદારી રાખીશુ, અમારી ઉપર રહેમ રાખી ઓછો સજા કરવા મહેરબાની કરશોજી.

તમામ હકીકત તથા સંજોગોને ધ્યાને લેતા. આરોપીને બી.એન.એસ.એસ.ની ક.૨૬૪ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)બી તથા એમ.વી.એકટની ક. ૧૮૫ વિગેર મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે  છે અને આરોપીને અંકે રૂપીયા ૫૦૦/- (રૂપીયા પાંચસો પુરા) દંડ નો હુકમ કરવામાં આવે છે, તેમજ જો દંડની રકમ ન ભરે તો પાંચ (૫) દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

જો અગાઉ કોઈ મુદામાલ બાબતે હુકમ કરેલ હોય તો કાયમ રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી જુલાઈ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ- હારીજ (એમ.ડી.જાદવ)

તારીખઃ-૧૧/૦૭/૨૦૨૬ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,હારીજ

જજ કોડ નં. જીજે-૦૧૭૪૬